# ભક્તિવર્ધિની ગ્રંથમાં પંચપર્વા વિદ્યાનું નિરૂપણ

- અસિત શાહ

## ઉપક્રમ

વૈરાગ્ય, સાંખ્ય, યોગ, તપ અને ભક્તિને વિદ્યાના પાંચ પર્વો તરીકે શાસ્ત્રોમાં ગણાવાયેલ છે, જેમના થકી મુક્તિ મળે. તે પૈકી દરેકને વિકસિત કરવાના નોખા નોખા માર્ગો છે. સામાન્ય રીતે સાધકો તે પૈકી કોઈ એક માર્ગપર જ ચાલતા હોય છે. જોકે પાંચેય ઉપયોગી તો છે આગળ વધવામાં, પણ તેમને એક સાથે નભાવવા અઘરું કામ છે.

તે પૈકી આપણા સંપ્રદાયમાં ભક્તિને વધારવાનો કાર્યક્રમ ઉપદેશેલ છે. તેમ છતાંય અન્ય ચાર પર્વોને ભક્તિના અંગ તરીકે યથાસંભવ સાંકળી લેવા લાભપ્રદ છે. તેથી પ્રારંભિક કક્ષામાં તેને સમાંતર આપણા સંપ્રદાયમાં અપાયેલ માહાત્મ્યજ્ઞાન-વિવેક-ધૈર્ય-આશ્રયાદિ ઉપદેશોનું અનુસરણ કરવું આવશ્યક હોઈ તે માટે સભાનતાપૂર્વક પ્રયાસો કરવા રહ્યા. આગળ જતાં પરંતુ ભક્તિનો વિકાસ થાય તો ભક્તિ સ્વયં તે તે પર્વોને કેવી રીતે કલ્પતરુની માફક ક્રમશઃ પ્રાપ્ત કરાવી દે છે તે ભક્તિવર્ધિની ગ્રંથમાં શ્રીઆચાર્યચરણે ગૂઢ રીતિથી બતાવેલ છે. તે હવે જોઈએ.

## વિષય

ત્યાં સહુથી પ્રારંભિક કક્ષાના વ્યાવૃત્ત અધિકારીનો ક્રમિક વિકાસ બતાવેલ છે. અન્ય   અવ્યાવૃત્ત કે દૃઢ બીજભાવવાળા   અધિકારી તે પૈકીના કેટલાક સોપાનોને પહેલાથી જ સર કરી ચુક્યા હોય છે અથવા સંજોગોવશાત્ તેમની સફરમાં તે મુકામો જ નથી આવતા.

સૌપ્રથમ ''સ્નેહાત્ રાગવિનાશઃ સ્યાત્'' એ વૈરાગ્ય પર્વને સમાંતર છે. તે કક્ષાએ પહોંચતા ભગવત્પ્રેમને કારણે તદિતર લૌકિક વિષયોમાં લગાવ નથી રહી જતો. આમ વૈરાગ્યની નોખી સાધના ન કરી તે છતાંય તે થકી મળતું ફલ ભક્તિ જ પ્રાપ્ત કરાવી દે છે.

પછી ''આસક્ત્યા સ્યાદ્ ગૃહારુચિઃ, ગૃહસ્થાનાં બાધકત્વં અનાત્મત્વં ચ ભાસતે'' એ સાંખ્યને સમાંતર છે. સાંખ્ય એ જ્ઞાનની પ્રક્રિયા છે, જેમાં પુરુષને પોતાના અને પ્રકૃતિના દ્વૈતનું જ્ઞાન થતાં પ્રકૃતિ અને તેના કાર્યો દેહેન્દ્રિયાદિ પુરુષને અનાત્મ અને મુક્તિમાં બાધક લાગતાં તેને તેમાં અરુચિ થાય છે. અંતે તે પ્રકૃતિ સાથેના રમણમાંથી વિરત થઈ જાય છે. તેમ જ ભગવદાસક્તિ થતાં વ્યાવૃત્ત ભક્તને ભક્તિમાં બાધક ગૃહ-પરિવારમાં બાધક અને અનાત્મ હોવાનો ભાવ જાગતાં અરુચિ થાય છે અને તે સંસારમાંથી વિરત થાય છે. ટીકાકારોના મતે 'ભાસતે' કહી શ્રીઆચાર્યચરણ એવું સૂચવે છે કે આ જ્ઞાન નથી પણ ભાવ છે. એ અર્થમાં અહીં સાંખ્યથી વિલક્ષણતા છે.

પછીની વ્યસનકક્ષા યોગને સમાંતર છે. સામાન્ય માણસની ઈન્દ્રિયો બાહ્ય લૌકિક વિષયોને ગ્રહણ કરી મન સમક્ષ તેમને રજુ કરી દે છે ને મન તેઓમાં રમમાણ થઈ જાય છે. એક યોગી પરંતુ ભગવાન ગીતામાં કહે છે તેમ મનોબળથી કાચબાની માફક ઈન્દ્રિયોને વિષયોમાંથી પાછી ખેંચી લે છે અને મન પોતે ધારણ કરેલ માનસવિષયમાં રમમાણ રહે છે. તેને કારણે તે વિષયોમાં બંધાતો નથી. તેવું જ ભગવદ્વ્યસનનું છે. ટીકાકારોના મતે વ્યસનનો રૂઢાર્થ તો ''તં વિના સ્થાતું અશક્તિઃ'' છે પણ યૌગિકાર્થ ''વિશેષેણ અસ્યન્તે = ક્ષિપ્યન્તે = દૂરીક્રિયતે વિષયાઃ યેન'' છે. એટલે કે વ્યસની પોતાના વિષય એવા ભગવાન વિના રહી નથી શકતો. સાથોસાથ તેના મન-ઈન્દ્રિયો અન્ય લૌકિક વિષયોને ગ્રહણ જ નથી કરતા. તેનું મન જ ઈન્દ્રિયોને પોતાનો વિષય એવા ભગવાનને પહોંચાડી દે છે ; સાક્ષાત્ મળે તો તેમ અથવા વિરહમાં આસક્તિભ્રમન્યાયથી. તેથી નિરોધલક્ષણ ગ્રંથમાં શ્રીઆચાર્યચરણ ''બાધશંકાપિ નાસ્તિ અત્ર તદધ્યાસોપિ સિધ્યતિ'' એવી આજ્ઞા કરે છે.

ત્યાર બાદ આવે છે તપ. તપનો સામાન્ય અર્થ છે અન્ય જંજાળોથી નિવૃત્ત થઈ અવ્યક્તને પ્રાપ્ત કરવાની લાંબી એકાગ્રતાપૂર્વકની કષ્ટભરી સાધના. તેને સમાંતર વ્યસનકક્ષાપન્ન વ્યાવૃત્ત અધિકારીને શ્રીઆચાર્યચરણ અહીં ''તાદશસ્યાપિ સતતં ગેહસ્થાનં વિનાશકં, ત્યાગં કૃત્વા યતેદ્ યસ્તુ તદર્થાર્થૈકમાનસઃ'' ઉપદેશ આપે છે. તેણે ગૃહત્યાગ કરી વિરહાનુભવ કરતાં ભગવાનમાં જ મન પરોવવાનું તપ કરવાનું રહે છે. આ બાબત વધુ ઉપદેશ સંન્યાસનિર્ણય ગ્રંથમાં છે.

છેવટે તેને સર્વાત્મભાવની સિધ્ધદશા પ્રાપ્ત થાય છે ; ''લભતે સુદઢાં ભક્તિં સર્વતોભ્યધિકાં પરામ્''. આ ભક્તિ પાંચમું પર્વ છે.

આમ જાણ્યે-અજાણ્યે ભક્ત ક્રમશઃ વિદ્યાના પાંચે પર્વોથી સંપન્ન થાય છે. તેથી શ્રીઆચાર્યચરણે આ ભક્તિવર્ધિની ગ્રંથ પુરુષોત્તમ જોશીને કહેતા પહેલા આજ્ઞા કરી : ''બડો તો ભક્તિમાર્ગ હૈ જામેં જીવ કૃતાર્થ હોઈ.''